R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-


# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

OCTOBER - 2016

Total - 36 Pages

Vol No. 60 Issue No.7



2nd Cover Page



**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત**

**શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત**

## ૬૫મો વાર્ષિક રસોત્સવ યોજે છે

# *BALASINOR'S GOT TALENT*

**તારીખ : ૧૩-૧૧-૨૦૧૬ રવિવાર - સમય : સવારે ૯.૦૦ કલાકે**

**સ્થળ: બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ**

**મુખ્ય મહેમાન: શ્રી અમરીષ પ્રવિણચંદ્ર કચેરીઆ**

**ટિકિટનું વિતરણ: ૬-૧૧-૧૬ રવિવારે, સમય : સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે**

**ટ્રીટમેન્ટ ફોર ઓર્થોપેડીક સર્જરી**
**હસ્તે દાતા શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ)નું બહુમાન**
**તેમણે રૂા. ૧૧,૦૦૦,૦૦નું માતબર દાન આપ્યું છે.**

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકિટો મળશે.**

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ-૪૦૦૦૦૪

૨) **વાંદરા થી ગોરેગામ** : શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી: બી/૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લા (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬.

૩) **મલાડ થી કાંદિવલી** : કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી): એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ), મોબાઈલ - વસંત પરીખ : ૯૮૨૧૦૫૪૩૨૯

૪) **બોરિવલી થી વિરાર** : શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) : સી-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મોબાઈલ: ૯૮૨૦૦૧૧૫૮૬

**નોંધ: વ્યક્તિ દીઠ બે ટિકિટ આપવામાં આવશે. ટિકિટનું વિતરણ વહેલા તે પહેલા ધોરણે થશે.**

**વિતરણના દિવસે ટિકીટો વધશે તો નીચે જણાવેલ સ્થળ થી મેળવી લેવી.**

**શૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ :** ૧૬, નારાયણ ધુવ સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩

**સંપર્ક : શ્રી સૌમિલ મોદી :** ૨૩૪૦૦૫૦૨ - ૯૯૨૦૨૧૩૪૪૨૬

આ કાર્યક્રમ માણનારનો આનંદ જળવાઈ રહે માટે સૌ આમંત્રિત અને પ્રેક્ષકોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી કોઓર્ડીનેટર: શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદીસંયોજક : શ્રીમતી અમી હિતેશ ધારીઆ**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૦ | ૭ | ૨૧-૧૦-૨૦૧૬ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**

## તંત્રી સ્થાનેથી

# માનવ સેવા એજ પ્રભુસેવા

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

## દિપાવલીની હાર્દિક શુભેચ્છા તથા નવા વર્ષના સાલમુબારક

**સમગ્ર બાલાસિનોરવાસીઓને મારા જે જે શ્રી ગોકુલેશ. દિવાળીના સર્વ શુભ પ્રતિકો, દ્વારે શોભતાં આસોપાલવ, આંબા, ફૂલના તોરણ આપના ઘરને અષ્ટલક્ષ્મી થી સભર કરે, ધન-ધાન્યના ભંડાર હંમેશા ભરપૂર કરે, ઉત્તરોત્તર આધ્યાત્મિક પ્રગતિ આપના જીવનમાં પરમસુખ, પરમઆનંદ, પરમશાંતિ લાવે તેવી પ્રભુપ્રાર્થના.**

જેને લોકો પરમાત્માનું બીજું નામ કહે છે, જેનામાં લોકોને અનન્ય શ્રધ્ધા અને વિશ્વાસ છે તેવા વિશ્વ વિભૂતિ, સંત શિરોમણી સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખસ્વામી મહારાજ જ્યારે અક્ષરનિવાસી થયા ત્યારે તેમના કાર્યોને તેમના શબ્દોને તેમના પ્રેમને સમગ્ર વિશ્વના લોકોએ ખોબલે ખોબલે વધાવ્યા.

લોકમાનસમાં પોતાની છબી કંડારવી ખૂબ અઘરી હોય છે. જીવનમાં સમગ્રયતા જ્યાં પ્રેમ સિવાય કોઈ વસ્તુને સ્થાન ન હોય ત્યારે જ જન-જન, કણ-કણમાં તેની અનુભૂતિ કરાવી શકાય છે. અત્યારની પરિસ્થિતિમાં માણસ એકલો પડી ગયો છે. નિરાશા તેને ઘેરી વળી છે. જીવનમમાં કોઈ સાચો રાહબર, પથદર્શક નથી દેખાતો (મળતો). તેની પરિસ્થિતિને તેના વિચારોને, સંજોગોને સાંભળવાનો, દિલાસો આપવાનો કોઈની પાસે સમય નથી જે છે તેમાં 'સાચા' ઓછા ને 'નઠારા' વધારે છે. આ નઠારા વધારે પાયમાલી તરફ ધકેલે છે. આવી મૂંઝવણભરી સ્થિતિમાં

કાળાવાદળને ઓથે દેખાતી રૂપેરી કોર માણસને પોતીકી લાગે છે. પ્રમુખસ્વામીના શબ્દો દ્વારા, કાર્યો દ્વારા તેની તકલીફોને વાચા મળે છે. તેની પીડા ઓછી થાય છે તેને સાચો ઓળખનારો મળે છે. સમાજ ચાહે છે આવા સંતો, મહાત્માઓ, ગુરુઓ જેમાં તેમના જીવનને નવી દિશા મળે અને અત્યારની દશા સાંગોપાંગ બદલાય આવા સહૃદયી, કરુણામયી પ્રમુખ સ્વામીએ કહેલા કેટલાક અવતરણો સમાજના ઉત્થાન માટે શ્રેષ્ઠ અને સર્વોપરી છે.

- ભગવાન સબરસ છે એની અંદર બધાજ તત્વો છે.
- જેમાં શ્રદ્ધા હોય તેમાં સફળતા મળે.
- ખપ આવે એ જ્ઞાન.
- જીવનમાં સંયમ અને આત્મજ્ઞાન આવે એજ સાચો વિકાસ.
- આપણું જીવન આપણે સારું બનાવીએ તો દુનિયા સારી જ છે.
- આપણે સામાને અનુકુળ થાવ, સામો અનુકુળ નહી થાય.
- જેટલી આજ્ઞાનો લોપ એટલો પ્રભુનો કોપ.
- જો ધર્મ ગયો તો બધું જ ગયું.

જ્યારે કોઈપણ વ્યક્તિ અથવા સંપ્રદાય માણસને પોતીકો ગણી તેની સેવા કરે છે, તેનો રાહબર બને છે. ત્યારે સમગ્ર સમાજનું કલ્યાણ થાય છે સાચા ધર્મનું કારણ બને છે અને એટલે જ માનવ સેવા એજ પ્રભુ સેવા.


**શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ**


દાતાનું નામઃ (૧) શ્રીમતી મીરાબેન દિપક દોશી (હુવર) રૂા. ૧૦,૦૦૦/-

**- માનદ્ મંત્રીઓઃ મંજુલ શૈલેષ ધારીઆ, જસ્મીન બીપીન શેઠ**

# રંગોળી







# તમારા અને બીજાના જીવનને ખુશીઓના રંગ થી ભરી દો

## શ્રી જી મેડિકલેઈમ યોજનાને અવશ્ય જાણો

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ છેલ્લા ૭-૮ વર્ષથી સમાજના લાભ માટે, લોકોના ઉત્થાન માટે શ્રીજી મેડિકલેમ યોજનાની શરૂઆત થઈ હતી. જે લોકો આ યોજનાનો લાભ લે છે તેમની માટે અને ભવિષ્યમાં અનેક લોકો આ યોજનાનો લાભ લે તે લોકો માટે આ યોજનાને વધુ નિખારવાની અમારી નેમ છે.

પ્રવર્તમાન સમયમાં શિક્ષણ અને દવાદારૂ ભલભલાના બજેટને ખોરવી દે છે. કૂદકે ને ભૂસકે વધતી મોંઘવારીમાં એક સાંધે ત્યાં તેર તૂટે જેવા ઘાટ ઘડાય છે. માણસ સાજો નરવો હશે, તંદુરસ્ત હશે તો સૌ ભોગ ભોગવવા ને લાયક રહેશે. કહેવત છે ને **'સર સલામત તો પઘડીયાં બહોત.'** કોઈને બિમારી નથી ગમતી. લાચારી નથી ગમતી. પરંતુ કુદરત પાસે માનવી પાંગળો છે. આવતી કાલની કોઈ ને ખબર નથી અને એટલે જ હંમેશા જાગૃત રહેવું, સભાન રહેવું ખૂબ જરૂરી છે. પોતાની જાત માટે, કુટુંબ માટે પોતાના અને કુટુંબના સર્વ પ્રકારના કલ્યાણ માટે, કુટુંબના મોભીએ રસ્તાઓ વિચારવા પડે છે. વિકલ્પો શોધવા પડે છે. અત્યારના સમયમાં જે રીતે નવા નવા મહાભયંકર રોગો માણસને ભરડામાં લે છે, મેડિકલ ક્ષેત્રમાં જે રીતે ઓપરેશનના, હોસ્પિટલના પેકેજો ચાલે છે તે માણસને ક્યાં નો ક્યાં ફેંકી દે છે. આના ઉપાય સ્વરૂપે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ લોક કલ્યાણકારી યોજના ચાલે છે. **શ્રી જી મેડિકલેમ યોજના.**

આ યોજનામાં સંઘ પાસે હાલ રૂા. પાંચ લાખનું ભંડોળ છે. બેંકમાં અત્યારે ચાલતા વ્યાજદર પ્રમાણે દર વર્ષે આમાં રૂા. ૩૫ હજારનો ઉમેરો થાય છે. રકમ નજીવી ઉમેરાય છે. આ યોજનામાં પ્રિમિયમ રૂા. એક લાખ સુધીનું છે. જે લોકો પ્રગતિ સમાજમાંથી આર્થિક રાહત લે છે તેને પ્રિમિયમના ૯૦ ટકા મળે છે, બીજા બધાને ૫૦ ટકા મળે છે.

માહિતીના ઉંડાણમાં થોડા આંકડાઓની વિગત તપાસીએ. કયા વર્ષ દરમ્યાન મેડિકલેમ માટેની કેટલી અરજી આવી, તેની સામે સંસ્થા એ કેટલી ચૂકવણી કરી તે હવે આપણે જોઈએ.

**શ્રી જી મેડિકલેમ યોજના હેઠળ થયેલી ચૂકવણી**

| વર્ષ | પ્રાપ્ત થયેલ અરજી | ચૂકવાયેલી રકમ |
|---|---|---|
| ૧૧-૧૨ | રૂા. ૩,૫૬,૭૩૭ | રૂા. ૨,૬૧,૭૪૮ |
| ૧૨-૧૩ | રૂા. ૩,૬૫,૪૫૨ | રૂા. ૨,૭૮,૩૨૮ |
| ૧૩-૧૪ | રૂા. ૩,૯૬,૧૦૨ | રૂા. ૨,૪૨,૪૦૦ |
| ૧૪-૧૫ | રૂા. ૩,૯૬,૪૩૦ | રૂા. ૨,૩૮,૮૮૯ |
| ૧૫-૧૬ | રૂા. ૪,૮૪,૬૮૧ | રૂા. ૨,૫૮,૫૬૨ |
| ૧૬-૧૭ | રૂા. લગભગ પાંચ લાખ | રૂા. ૨,૮૦,૦૦૦ |

સહર્ષ જણાવવાનું કે આ યોજનામાં આપણા સમાજના એક શુભેચ્છક તરફથી દર વર્ષે રૂા. પચાસ હજારનું માતબર દાન આપવા માટે પોતાની અભિવ્યક્તિ દર્શાવી નક્કી કરી લીધું છે. આ યોજનાને અમારે વધારે વિસ્તૃત અને સાકાર કરવી છે. આપણા સમાજના દાનવીરો પોતાના કોમળ હૃદયના ભાવ આ યોજના તરફ દર્શાવી, દાનની ગંગા આ યોજનામાં વહેવડાવશે તો આ યોજનાનો લાભ લેનારી અનેક વ્યક્તિઓના જીવનમાં સોનાનો સૂરજ ઉગશે, જીવન ખુશીઓના રંગથી લહેરાશે. આપણા જીવનમાં આપણા કુટુંબમાં અનેક ખુશીઓના પ્રસંગ આવતા હોય છે. જન્મદિવસ, લગ્નપ્રસંગ, જોબમાં પદોન્નતિ, નવા કાર્યો, સાહસો માં સફળતા આવા અનેક રૂડાં પ્રસંગોએ જો તમે દાનરૂપી તોરણો આ યોજનામાં બાંધશો તો અમે આપની અનન્ય સહાયતા દ્વારા બીજાના જીવનમાં આનંદ ઉમંગના દિપ પ્રગટાવી શકીશું.

આવા પોઝિટિવ કાર્યોથી સમાજની બીજી સંસ્થાઓ પરનો ભાર હળવો થશે. બીજી યોજનાઓની રકમ જે આ કાર્ય માટે વાપરવી પડતી હોય છે. તેનો નાની-મોટી બીજી યોજનામાં સકારાત્મક ઉપયોગ થશે. માંગની સામે પુરવઠો વધતાં જ સાચા નિર્ણયોને ગતિ મળશે. મોંઘવારીના વિષયક સામે દર્દી માટે સમાજ ઢાલ બની ઉભો રહી શકશે. શ્રીજી મેડિકલેમ યોજનામાં અમને વિસ્તૃત ભંડોળની જરૂર છે અને જ્યોતિપુંજના આપણા આગવા માધ્યમ દ્વારા આપની સમક્ષ અમે શ્રી બાલાસિનોર સંઘ ટહેલ નાખીએ છીએ કે અમારી આ અરજીનો આપ જરૂરથી સ્વીકાર કરશો, અમારા હાથ ને વધુ મજબૂત બનાવશો.




# કિર્તન

- નિમીષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)

**ગોવર્ધન પૂજાનું પદ**
**રાગ - બિલાવલ**

સાત બરસકો સાંવરો બોલત તુતરાત ।
હસહસ કાન્હ કહે સુનો મેરી એકબાત ।।૧ ।।
ઈન્દ્ર પૂજા ન કીજીયે પૂજો ગિરિતાત ।
તુમ દેખત ભોજન કરે, પકવાન અરૂ ભાત ।।૨ ।।
યહ મતો નિરધાર કે ગોપ ગૃહકો જાત ।
મુદૃબાની ગિરિધરનકી સૂન સૂર સિહાત ।।૩ ।।

# ૬૫માં વાર્ષિક રસોત્સવના મુખ્ય મહેમાન શ્રી અમરીશભાઈ પ્રવિણચંદ્ર કચેરીઆ



શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રજનીકાંત કાન્તિલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત ૬૫મો વાર્ષિક રસોત્સવના મુખ્ય મહેમાન શ્રી અમરીશભાઈ કચેરીઆનો જન્મ તા. ૯-૯-૧૯૬૦ના રોજ સ્વ. લીલાબેન અને સ્વ. પ્રવિણભાઈ લલ્લુભાઈ કચેરીઆના મુંબઈ મુકામે થયો હતો. ૧૯૮૦માં લાલા લજપતરાય કોલેજમાંથી બી.કોમની ડીગ્રી પ્રાપ્ત કરી ૨૧ વર્ષની ઉંમરે ૧૯૮૧માં પિતાશ્રીની પ્રભાત ઈલેકટ્રીકલમાં જોડાયા, જે હાલમાં પ્રભાત કેબલ પ્રા.લી.ના નામથી ધંધામાં અને ઔદ્યોગીક કંપનીઓના વિકાસમાં ફાળો આપી રહ્યા છે. ધંધામાં પોતાની સુઝબુજ, કુનેહ આવડતથી સૌના પ્રિયપાત્ર બની રહ્યા છે.

તા. ૧૦-૧૧-૧૯૬૧ના શ્રીમતી સુશીલાબેન અને શ્રી બાબુલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા)ની સુપુત્રી મીનાબેન સાથે તા. ૩-૧-૧૯૮૩ના રોજ લગ્ન ગ્રંથીથી જોડાયા. તા. ૨૦-૧૦-૧૯૮૮ના રોજ તેમના એક માત્ર સંતાન પુત્રી સીમોનીનો જન્મ થયો. સીમોનીએ યુ.એસ.એ.માં (એમ.ડી.) Doctor of Medicine ની ડીગ્રી પ્રાપ્ત કરી, પતિ શ્રી અજય પંકજ શાહ (જેઓ યુ.એસ. ખાતે Sales Force માં Leada Software Eng. તરીકેનો ઉંચો હોદો ભોગવી રહ્યા છે.) સાથે અમેરિકામાં સ્થાયી થયા છે.

સ્વ. માતા લીલાબેન (સ્વ. મણીબેન અને સ્વ. ઓચ્છવલાલ મોદી (ચૌધરી)ની દિકરી), જેઓ ખુબ જ મિલનસાર અને ધાર્મિકવૃત્તિવાળા હતા. તેમના ધાર્મિક સંસ્કાર શ્રી અમરીશભાઈના જીવનમાં ઉતર્યા અને તે દિશામાં પ્રવૃત થયા. હાલમાં તેઓ મુંબઈ ખાતેના દ્વારકાધીશ મંદિરમાં સેવા આપી રહ્યા છે.

સરળતાથી નાના-મોટા સૌને મિત્રો બનાવી પોતાના સ્વભાવનો પરિચય આપી રહ્યા છે. સંઘની અનેક પ્રવૃત્તિઓમાં તેઓ રસ લઈ સહકાર-સહયોગ આપી રહ્યા છે. હાલમાં શ્રી મનોજભાઈ અને અમરીશભાઈ કચેરીઆના નામે કન્સેશનલ નોટબુક યોજના ચાલી રહી છે. જે સમાજ પાસેથી મેળવ્યું છે તે સમાજનું ઋણ ચૂકવવાની તેમની ભાવના છે.

સાલસ, મિલનસાર, ધાર્મિક મનોવૃત્તિ, મૃદુભાષી, પરોપકારી એવા યુવાન મિત્ર ૬૫માં રસોત્સવના મુખ્ય મહેમાન તરીકે પ્રાપ્ત થયા છે એ બદલ સંઘ આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહી છે.

**પ્રભુ ! શ્રી અમરીશભાઈનેસુસ્વાસ્થ્ય દિર્ઘાયુ બક્ષી સમાજસેવાના કાર્યમાં યશસ્વી પ્રેરણા અર્પે એ જ અભ્યર્થના.**

# મારે સંગીતને જાણવું છે

**- મનીષા શાહ**

ગયા અંકમાં આપણે જાણ્યું ધ્વનિ, નાદ, સ્વર અને સપ્તક.

હવે આપણે જાણશું, થાટ અને તેમાંથી ઉત્પન્ન થતો રાગ-૧૨ સ્વરોઃ સા,<u>રે</u>,રે,<u>ગ</u> ગ, મ, મે, પ, <u>ધ</u>, ધ, <u>ની</u> ની સાં.

સપ્તકના ૧૨ સ્વરોમાંથી ૭ સ્વરો ક્રમાનુસાર લઈ જે મુખ્ય સ્વરો છે તેમાં અલગ અલગ ૭ સ્વરોનું સમુદાય તેને થાટ કહેવાય. થાટ એટલે સ્વરનો સમૂહ. સ્વરોનો સમુદાય. થાટ ગવાય નહી, રાગ ગવાય છે. ઘાટ એટલે જેમાં રાગ ઉત્પન કરવાની ક્ષમતા છે. થાટમાં થતા સ્વરોનો સમૂહ કમમાં થવો જરૂરી છે. જેમ કે સા પછી રે પછી ગ પછી મ... પણ, તેમાં રે કોમળ, ગ કોમળ, મ તીવ્ર એવું કંઈ પણ થઈ શકે.

હિન્દુસ્તાની સંગીત-પધ્ધતિ પ્રમાણે ૧૦ થાટ છે. જેમાંથી અનેક રાગ ઉત્પન્ન થાય છે.

૧) બિલાવલ થાટ - પ્રત્યેક સ્વર શુદ્ધ

(૨) કલ્યાણ થાટ - મ તીવ્ર અને અન્ય સ્વર શુદ્ધ

(૩) ખમાજ થાટ - નિ કોમળ અને અન્ય સ્વર શુદ્ધ

(૪) આસાવરી થાટ - ગ, ધ, નિ કોમળ અને બાકીના સ્વર શુદ્ધ.

(૫) કાફી થાટ - ગ, નિ કોમળ અને બીજા સ્વર શુદ્ધ

(૬) ભૈરવી થાટ - રે, ગ, ધ, નિ કોમળ અને બાકીના સ્વર શુદ્ધ

(૭) ભૈરવ - રે, ધ, કોમળ અને અન્ય સ્વર શુદ્ધ.

(૮) મારવા - રે, કોમળ, મ તીવ્ર અને બાકીના સ્વર શુદ્ધ

(૯) પૂર્વી - રે, ધ કોમળ, મ તીવ્ર અને બાકીના સ્વર શુદ્ધ

(૧૦) લોડી - રે, ગ, ધ કોમળ, મ તીવ્ર અને બાકીના સ્વર શુદ્ધ.

**ભૈરવ ભૈરવી આસાવરી, યમન બિલાવલ થાટ,**
**તોડી કાફી મારવા પૂર્વી અને ખમાજ,**
**શુદ્ધ સુરોમાં બિલાવલ, કોમલ નિષાદ ખમાજ,**
**મ તીવ્ર સ્વર યમમમાં, ગ, નિ કોમલ કાફી થાટ,**
**ગ,ધ, નિ કોમલથી આસાવરી, રે, ધ કોમલ ભૈરવ થાટ,**
**રે કોમલ મ તીવ્ર મારવા થાટ લઈ આવે,**
**રે, ગ, ધ, ની કોમલમાં સોહે ભૈરવી થાટ,**
**રે, ગ, ધ, મ, વિકૃત થાટ તોડી તો રે, ધ, મ વિકૃત થાટ પૂર્વી.**

બસ આ જ પાંચ થી સાત સ્વરોની રચનામાં જે કાનોને ગમી જાય, તેનાથી જ ઉત્પન્ન થાય તેને કહીશું રાગ, સંગીતનો મહારથી જેના વગર સંગીત ના હોતે.

**સાલ મુબારક**

**આવતા વર્ષની શરૂઆત કરશું**
**રાગોની રંગતથી**


શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા) ના જે જે શ્રી ગોકુલેશ

# બાલાસિનોર મેડિકલ સેન્ટર

મહેતા હાઉસ, ચોપાટી, મુંબઈ - ૭, Contact: 23670169, Email: vdnm.medicaltrust@gmail.com

**સર્વે બાલાસિનોર વાસીઓ,**

## મેડીકલ કેમ્પની તારીખ અને સમય

(૧) કેમ્પ રવિવારના તા. ૨૭-૧૧-૨૦૧૬ના દિવસે સવારે ૮ થી બપોરે ૧.૦૦ સુધી (વધુમાં વધુ ૧૦૦ મેમ્બરો લેવામાં આવશે). (૨) ૧૦૦ થી વધુ મેમ્બરોની અરજી આવશે તો કેમ્પ શનિવાર, તા. ૨૬-૧૧-૨૦૧૬ના દિવસે પણ સવારે ૮.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી રાખવામાં આવશે. (૩) પહેલાં ૧૦૦ મેમ્બરોએ રવિવાર, તા. ૨૭-૧૧-૧૬ના દિવસે આવવાનું રહેશે અને ત્યારબાદ અરજી આપનાર મેમ્બરોએ આગલે દિવસે એટલે કે શનિવાર તા. ૨૬-૧૧-૨૦૧૬ના દિવસે આવવાનું રહેશે.

## કેમ્પનું આયોજન તથા બ્લડ કલેકશન કરવાનું સ્થળ ઉપર મુજબ ટેસ્ટની વિગતો તથા ચાર્જીસ

Thyroid Panel 1 (only for Ladies), TSH, Vitamin D3, Vitamin B12, PSA Total (Only for Gents)

૧) Thyroid Panel 1 ટેસ્ટ ફક્ત બહેનો માટે છે. (૨) PSA Total ટેસ્ટ ફક્ત પુરુષો માટે છે. (૩) બાકીના ત્રણ ટેસ્ટો જેવાકે SH, Vitamin D3 અને Vitamin B12 બહેનો તથા પુરુષો બંન્ને માટે છે. (૪) આગળનાં અંકમાં જણાવ્યા મુજબ પાંચ ટેસ્ટોની M.R.P. રૂા. ૪૭૫૦.૦૦ થાય છે. પરંતુ મેટ્રોપોલીસ હેલ્થકેરનાં સૌજન્ય તથા આપણાં પ્રયત્નોથી બહેનોએ ફક્ત રૂા. ૧,૩૦૦/- તથા પુરુષોએ રૂા. ૧,૫૦૦ (જેમાં કુલ ૪ ટેસ્ટનો સમાવેશ કરવામાં આવેલો છે.) આપવાનાં રહેશે.

## ટેસ્ટના Report બાબત

૧) ટેસ્ટ રીપોર્ટ મેટ્રોપોલીસ હેલ્થકેર લીમીટેડના આવશે. (૨) જે મેમ્બરોએ ઈમેલની વિગતો આપી હશે તેઓના રીપોર્ટ ૧-૨ દિવસમાં આપણા મેડીકલ સેન્ટરના Email ID (vdnm.medicaltrust@gmail.com) ઉપરથી Forward કરવામાં આવશે અને આ રીપોર્ટની હાર્ડ કોપી આપણા સેન્ટર ઉપરથી મેળવવાની રહેશે.

## અગત્યની સૂચના અને પૈસા ભરવાની તારીખ

૧) કેમ્પમાં વધુમાં વધુ ૨૦૦ વ્યક્તિઓ ભાગ લઈ શકશે. પહેલો તે વહેલો ધોરણે પહેલી ૧૦૦ વ્યક્તિઓએ રવિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૬ના દિવસે આવવાનું રહેશે તથા ત્યારબાદની ૧૦૦ વ્યક્તિઓએ આગલે દિવસે શનિવાર, તા. ૨૬-૧૧-૨૦૧૬ના દિવસે આવવાનું રહેશે. (૨) કેમ્પ બાલાસિનોર સિવાયની અન્ય વ્યક્તિઓ માટે પણ ખુલ્લો છે જેની નોંધ લેશો. (૩) કેમ્પમાં ભાગ લેનાર દરેક વ્યક્તિએ નીચે મુજબની માંગેલી વિગતો ભરી સાથે રૂા. ૧,૩૦૦/- અથવા રૂા. ૧,૫૦૦/- તા. ૨૫-૧૦-૨૦૧૬ થી તા. ૧૫-૧૧-૨૦૧૬ બપોરે ૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધીમાં સંસ્થાની ઓફીસમાં પહોંચાડવા જરૂરી છે. એક મેમ્બર માટે એક ફોર્મ ભરવું જરૂરી છે. (વધારે ફોર્મ માટે આપ Xerox Copy કઢાવી શકો છો). (૪) મેમ્બરોને બ્લડ આપવા માટેનો સમય સેન્ટર ઉપર ફોર્મ તથા પૈસા ભરતી વખતે આપવામાં આવશે. સમય આપણો સ્ટાફ જ આપે તે સ્વીકારવો તથા તે મુજબ જ આવવું જરૂરી છે. તે જાણશો. (૫) વધુ વિગતો તથા ખુલાસા માટે સંસ્થાના પ્રમુખ પંકજ ધારિયા - ૯૮૨૧૦૨૮૭૨ ઉપર તા. ૨૫-૧૦-૨૦૧૬ થી તા. ૧૫-૧૧-૨૦૧૬ સુધીમાં બપોરે ૨ થી ૪ વાગ્યા સુધીમાં જ સંપર્ક કરી શકો છો.

**પંકજ ધારીયા (પ્રમુખ) - ૯૮૨૧૨૨૮૭૬૨** **કિરીટ ધારીયા - નિમીશ કડકિઆ (માનદ્‌મંત્રીઓ)**

## મેમ્બરોની વિગતો માટેનું ફોર્મ

Name: ____________________ Age: __________ Sex: ______________

Email: ____________ Mobile No: ________________

Address: ________________________________________________

________________________________________________________

# SHREE BALASINOR NAVYUVAK SANGH

## BNS LALKHA BERA T20 TOURNAMENT 2016-17

This year LALKHA BERA T20 for the year 2016-17 will be played on 8th JAN 2017 Sunday at WILSON GYMKHANA.

Last date for filling the forms will be 20th Nov which is also the last date of league matches for JANSATHI TROPHY.

Fees will be RS 500.00 for the entire tournament.

**Bhavesh Modi** (Secretary) — **Chirag Parikh** (Convenor)

---

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# PRESENTS
# SHREE NATVERLAL CHUNILAL MODY
# JANSATHI CRICKET TROPHY 2016-17

This year four teams to play for the JANSATHI TROPHY are sponsored by :

| | | |
|---|---|---|
| 1. | Shri Bhavin Mehta & Shri Pratik Mehta | : R C CHALLENGERS |
| 2. | Shri Bhavik Dharia & Shri Vicky Gandhi | : K.P.KNIGHTRIDERS |
| 3. | DCC | : DCC TUSKERS |
| 4. | Sanjeev Dharia managed | : CRICKET LOVERS |

We thank all the sponsors for their support and kind co-operation.
Matches will be played at WILSON GYMKHANA.
All the players will be presented with colouringT-SHIRT of their respective Team/Sponsor.
The Players will have to compulsory wear the Sponsors attire during the matches.

---

## PLAYING FORMAT OF JANSATHI THROPHY 2016-17

(1) Each team will play against eah other once.
(2) Each team will play three matches in the league..
(3) Net Run Ratge will come into effect if points are equal.
(4) Two points will be awarded to the team winning the match.
(5) One point extra for beating the opposition by a margin of 20 %
(6) Top two teams will play the finals.
(7) Winner will Lift the Coveted JANSATHI CRICKET TROPHY.

**Bhavesh Modi** (Secretary) — **Chirag Parikh** (Convenor)

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# PRESENTS
# JANSATHI TROPHY 2016-17
# VENUE : WILSON GYMKHANA MUMBAI

## MATCH DATES : 22ND OCT 2016, 23RD OCT 2016, 05TH NOV 2016, 06TH NOV 2016, 19TH NOV 2016, 20TH NOV 2016.

**FOUR TEAMS FOR THE JANSATHI CRICKET TOURNAMENT 2016-17 ARE AS FOLLOWS :**

TEAM NAME : R C CHALLENGERS
COLOUR : RED
PLAYERS LIST
1 APURV DHARIA (Captain)
2 KANISHQ PARIKH
3 ASHWIN KARKERIA
4 SACHIN MEHTA
5 RIPAL PARIKH
6 JIMISH NIKHIL DESAI
7 CHIRAG DESAI
8 VIVEK GUPTA
9 ARPIT DHARIA
10 NIRAV JHAVERI
11 AMAN DHARIA
12 ANIK DESAI
13 MITESH N DHARIA
14 KRISH CHANDIWALA
15 TIRTH NIPUL DESAI
16 ROHAN DESAI

TEAM NAME : D.C.C. AVENGERS
COLOUR : ORANGE
PLAYERS LIST
1 ROHAN DHARIA (Captain)
2 JIGAR PARIKH
3 SHITEN KADAKIA
4 SAMIR DESAI
5 UTSAV MODY
6 RUCHIT DOSHI
7 TEJAS SHAH
8 ANAND SHROFF
9 RONAK DHARIA
10 PARESH PARIKH
11 AMAN KADAKIA
12 NIRAJ PARIKH
13 MITESH PARIKH
14 BHARGAV DESAI
15 MIHIR DESAI
16 SUKETU PARIKH

TEAM NAME : CRICKET LOVERS
COLOUR : DARK BLUE
PLAYERS LIST
1 NIRAV DESAI (Captain)
2 SAHIL DESAI
3 KINJAL P PARIKH
4 CHIRAG DESAI
5 PURAV PARIKH
6 ROHAN D DESAI
7 MITEN PARIKH
8 CHIRAG PARIKH
9 SOHIL NIKHIL DESAI
10 SANJEEV DHARIA
11 DAXIT GANDHI
12 SAMIR MODY
13 UDIT KADAKIA BCL
14 RISHI ATUL SHAH
15 NIHAR KADAKIA
16 DHARAV DILIP PARIKH
17 NILPESH MODI

TEAM NAME : TP KNIGHTRIDERS
COLOUR : YELLOW
PLAYERS LIST
1 RIKIT MODY(Captain)
2 DHARAV PARIKH
3 VISMAY CHOKSI
4 BHAVIK DHARIA
5 VISHAL JARIWALA
6 DEVANG PARIKH
7 PRITESH THAKKAR
8 RITESH B KADAKIA
9 ARYAN PARIKH
10 MITUL PARIKH
11 RUPESH D MODI
12 DEVAL MEHTA
13 CHETAN J KADAKIA
14 RIKKIN DESAI
15 DHEER BAKUL SHAH
16 JIMISH KADAKIA

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપરોક્ત મંડળની ૬૫મી વાર્ષિક સામાન્ય સભા બુધવાર તા. ૨૮-૯-૨૦૧૬ના રોજ સાંજે ૬.૩૦ કલાકે પ્રગતિ સમાજ કાર્યાલય ખાતે મળી હતી, જેમાં ૧૭ સભ્યો હાજર રહ્યા હતા. ૬૪મી વાર્ષિક સામાન્ય સભાની મીટીંગની મીનીટ્સ પસાર કરવામાં આવી હતી. મંત્રી નિવેદનો તથા હિસાબો (શાળા તથા મંડળના ઓડીટેડ) થોડાં ઘણા ખુલાસા બાદ પસાર થયા હતા. ચૂંટણી પંચના અધ્યક્ષ શ્રી ભાવેશ મોદીનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો જે મુજબ વર્ષ ૨૦૧૬-૧૭, ૧૭-૧૮ અને ૧૮-૧૯ માટે નીચે મુજબના પાંચ સભ્યો બીન હરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા.

૧) શ્રી જગદીશ શાંતીલાલ પરીખ, (૨) શ્રી જતીન નવીનીતલાલ દેસાઈ, (૩) શ્રી સમીર જયેન્દ્ર ગાંધી, (૪) શ્રી દિનેશચંદ્ર ચીમનલાલ પરીખ (રાઠોડીયા) અને (૫) શ્રી પરેશ રસીકલાલ પરીખ (દુધવાળા) ઓડિટર્સ તરીકે મે.જે.એમ. એસ એન્ડ કુ. ચાર્ટડ એકાઉન્ટન્ટની વગર માનધને નિમણુંક કરવામાં આવી હતી.

પી.વી. વિદ્યાલયને એક પ્લોટ બાલાસિનોર ખાતે ભેટમાં મળેલ છે. તેની વિગતો આપવામાં આવી હતી અને એ અંગેનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો.

પ્રમુખશ્રીએ વિવિધ શાળાઓનો ચિત્તાર આપ્યો હતો તથા વાર્ષિક રીઝલ્ટ શાળાઓનાં પરિણામો અંગે ચર્ચા કરી હતી. અંતમાં પ્રમુખશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થયેલ જાહેર કરી હતી.

**- શ્રી જતીન ન. દેસાઈ**

**શ્રી નીતીન ન. દેસાઈ (માનદ્‌મંત્રીઓ)**


એક શુભેચ્છકના સર્વ બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની ૨૦મી વાર્ષિક સામાન્ય સભા તથા શ્રી બાલાસિનોર સેવા સમાજની ૫૨મી વાર્ષિક સામાન્ય સભા તા. ૮-૯-૨૦૧૬ને ગુરૂવારનો રોજ મુંબઈ ખાતે મળેલ.

સભાના પ્રારંભમાં નીચે મુજબ ટ્રસ્ટના સદ્‌ગત ટ્રસ્ટીઓ, દાતાટ્રસ્ટીઓ તથા દાતાશ્રીઓના નિધન બદલ બે મિનિટ મૌન પાળી સદ્‌ગતના માનમાં શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો.

૧) શ્રી પ્રવિણચંદ્ર પુનમચંદ કડકીઆ (વલ્લભઘેલા)

૨) શ્રી નટવરલાલ ભીખાલાલ શાહ (ઝાટ)

૩) શ્રી કિરીટભાઈ મોહનલાલ મોદી (દેવ)

કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભામાં એજન્ડા મુજબ ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોધનું વાંચન નિતીનભાઈ પરીખે કર્યું હતું. તેમજ એજન્ડા મુજબ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. કારોબારી મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ સભા સમક્ષ નીચે મુજબની માહિતી આપી હતી. 'કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરનું બાંધકામ પુરજોશમાં ચાલુ છે. ત્રણ સ્લેબ પડી ગયા છે. બાકીના બે સ્લેબ ઓક્ટો-૨૦૧૬ના માસના અંત સુધીમાં પડી જશે.

આ સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના બાંધકામ માટે અંદાજે રૂપિયા બાર કરોડની જરૂરીયાત સામે લગભગ ૮ કલોડ ૨૦ લાખના દાન-વચન મળી ગયેલ છે. આમાંથી લગભગ ૩ કરોડ ૮૦ લાખ રૂપિયા આવી ગયા છે. બાકીના માટે વિવિધ સ્કીમો મૂકેલ છે આશા છે કે આ માનવતાનું સેવાકીય ભગીરથ કાર્ય દાતાશ્રીઓના સહકારથી પૂર્ણ થશે.

વર્ષઃ ૨૦૧૬- ૧૭ માટે નીચે મુજબની સલાહકાર સમિતિના સભ્યોના નામોનું સૂચન કર્યું હતું. જે સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યા હતા.

૧) ડૉ. શિશિરભાઈ પી. ગાંધી (એમ.ડી.ફીજીશીયન)

૨) શ્રી રાજેશભાઈ શાંતિલાલ કડકીઆ (સી.એ)

૩) શ્રી પ્રદિપભાઈ અરવિંદભાઈ ત્રિવેદી (એડવોકેટ તથા નોટરી)

ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાનઃ

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર માટે માનીકોશી હસ્તે કોકીલાબેન મોદી તરફથી રૂા. એંશી લાખનું માતબર દાન વચન મળેલ છે.

૧) માનીકોશી ડાયાલીસીસ સેન્ટર માટે માતૃશ્રી કમળાબેન અને પિતાશ્રી લક્ષ્મીદાસ છોટાલાલ મોદી.

૨) માનીકોશી ઈમરજન્સી સેન્ટર માટે પ્રેમાળ અને માવજત કરનાર પત્નિ અને માતૃશ્રી અ.સૌ.કોકીલાબેન શિરીષ લક્ષ્મીદાસ મોદીના માનાર્થે હસ્તે સુપુત્રો નિખીલભાઈ અને મનિષભાઈ.

૧) છારી કાઢવાનો કેમ્પઃ તા. ૧૯-૮-૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૧૨ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૨) શ્રીમતી કોકીલાબેન જયંતિલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પઃ તા. ૫-૮-૧૬ના રોજ થર્મલ મુકામે યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૭૭ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. આ કેમ્પ ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, બાલાસિનોરના સહકારથી યોજવામાં આવેલ.

**શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતીન પરીખ**

**માનદ્ મંત્રીશ્રીઓ**



શ્રીમતી નયનાબેન પંજકકુમાર મોદી ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગનો નવરાત્રીનો કાર્યક્રમ તા. ૨૪-૯-૨૦૧૬ શનિવારે સાંજે સાત વાગ્યે માધવબાગ ખાતે રાખવામાં આવ્યો હતો. વિપુલ સામાણી વૃંદના સંગીતના તાલ સાથે આયોજીત આ કાર્યક્રમ અંદાજે ૩૦૦ ખેલૈયાઓએ મન મૂકીને માણ્યો હતો. Best Dance અને Best Dress ના ઈનામ વય અનુસાર આપવામાં આવ્યા હતા.

**આગામી કાર્યક્રમની જાહેરાત.**

## 'પધારો મારે ગામ'

તા. ૧૮-૧૧-૨૦૧૬ શુક્રવારે બપોરે ત્રણ વાગ્યે માધવબાગ ખાતે સ્નેહ સંમેલનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. CELEBRATE DIWALI IN TRADITIONAL STYLE આ કાર્યક્રમના પાસ તા. ૨૪-૧૦-૨૦૧૬ સોમવારે રૂપિયા ૨૦૦ આપી ૩ થી ૪ દરમિયાન સંસ્થાની ઓફિસમાંથી મેળવી શકાશે અથવા આપ કોઈ પણ કમીટી મેમ્બર પાસેથી પણ મેળવી શકશો.

**સંયોજક - અમી ધારીયા**

**મુખપૃષ્ઠ પરિકલ્પના : ત્વેશા નિમિષ શાહ (ઉજળાવાળા)**

# મહાલક્ષ્મ્યષ્ટકમ્

દિવાળીના તહેવારોમાં દેવીઓની અને ખાસ કરીને લક્ષ્મીજીની આરાધનાનું મહાત્મ્ય વધુ છે. આદ્યશક્તિના વિવિધ સ્વરૂપોમાં લક્ષ્મીજીનું સ્વરૂપ અતિ મનોહારી છે. વિષ્ણુ ભગવાનના અર્ધાંગિની સ્વરૂપે પ્રતિષ્ઠિત મા લક્ષ્મીજીનો દાસ કોણ નથી? તેના વિના સુખ, શાંતિ, સમૃદ્ધિ વગેરે સંભવી જ શકે નહિ. એટલે લક્ષ્મીજીની આરાધના અનિવાર્ય છે અત્રે ઈન્દ્રકૃત 'મહાલક્ષ્મી અષ્ટકમ્' પ્રસ્તિ કરાયું છે. તેના છેલ્લા ત્રણ શ્લોકોમાં તેના પાઠથી મળતા ફળનું પણ કથન છે.

**ઈન્દ્ર ઉવાચ**

**નમસ્તેઽસ્તુ મહામાયે શ્રીપીઠે સૂરપૂજિતે।**
**શંખચક્રગદાહસ્તે મહાલક્ષ્મી નમોઽસ્તુ તે।।૧।।**

ઈન્દ્ર બોલ્યાઃ શ્રીપીઠ પર સ્થિત અને દેવતાઓ દ્વારા પૂજાતી હે માહામાયા, તમને નમસ્કાર છે. હાથમાં શંખ, ચક્ર, ગદા ધારણ કરવાવાળી હે મહાલક્ષ્મી તમને પ્રણામ છે.

**નમસ્તે ગુરુડારુઢે કોલાસુરભયંકરિ ।**
**સર્વપાપહરે દેવિ મહાલક્ષ્મી નમોઽસ્તુ તે ।।૨।।**

ગરુડ પર આરુઢ થઈને કોલાસુરને ભયભીત કરનાર અને સર્વે પાપોના નાશ કરનાર હે ભગવતી મહાલક્ષ્મીજી તમને પ્રણામ છે.

**સર્વજ્ઞે સર્વવરદે સર્વદુષ્ટ ભયંકરી ।**
**સર્વ દુઃખહવે દેવી મહાલક્ષ્મી નમોઽસ્તુતે તે ।।૩।।**

બધુ જ જાણનારી, બધાને વરદાન આપવાવાળી, સમસ્ત દુષ્ટદુર્જનોને ભય પમાડનારી, બધા જ દુઃખો હરનાર દેવી મહાલક્ષ્મીજી તમને નમસ્કાર છે.

**સિદ્ધિ બુદ્ધિપ્રદે દેવી ભુક્તિમુક્તિ પ્રદાયિનિ।**
**મંત્રપૂતે સદાદેવી મહાલક્ષ્મી નમોઽસ્તુ તે ।।૪।।**

સિદ્ધિ બુદ્ધિ ભોગ અને મુક્તિ આપનારી હે મંત્રપૂત ભગવતી લક્ષ્મી મા તમને પ્રણામ છે.

**આદ્યન્તરહિતે દેવી આદ્યશક્તિ મહેશ્વરી।**
**યોગજે યોગ સમ્ભૂતે મહાલક્ષમી નમોઽસ્તુ તે ।।૫।।**

એ આદિ અને અંત વિનાની દેવી, હે આદ્યશક્તિ, હે મહેશ્વરી, હે યોગથી પ્રગટ થયેલી મહાલક્ષ્મી તમને પ્રણામ છે.

**સ્થુલસુક્ષ્મ મહારૌદ્રે મહાશક્તિ મહોદરે ।**
**મહાપાપહરે દેવી મહાલક્ષ્મી મનોઽસ્તુતે ।।૬।।**

હે દેવી તમે સ્થુળ, સુક્ષ્મ, મહારૌદ્રરુપિણી છો, તમે મહાશક્તિ થો, મહોદરા છો, મહાપાપ હરનારા છો, હે દેવી મહાલક્ષ્મી તમને નમસ્કાર છે.

**પદમાસનસ્થિતે દેવિ પરબ્રહ્મસ્વરુપિણિ ।**
**પરમેશિ જગન્માતર્મહાલક્ષ્મિ નમોસ્તુતે ।।૭।।**

હે કમળના આસનપર બિરાજેલી પરબ્રહ્મસ્વરૂપ દેવી હે પરમેશ્વરી, હે જગતની મા- જગદમ્બા, હે મહાલક્ષ્મીજી તમને પ્રણામ છે.

**શ્વેતામ્બરધરે દેવી નાનાલંકાર ભૂષિતે।**
**જગત્સ્થિતે જગન્માતર્મહાલક્ષ્મિ નમોઽસ્તુતે ।।૮।।**

હે દેવી! શ્વેત વસ્ત્ર ધારણ કરનારી, વિવિધ પ્રતારના અલંકારોથી સુશોભિત સમસ્ત જગતમાં વ્યાપક હે અખિલ બ્રહ્માંડને જન્મ આપનારી મા મહાલક્ષ્મીજી તમને પ્રણામ છે.

**મહાલક્ષ્મ્યષ્ટકમ્ સ્તોત્રં યઃ પઠેદ્યભક્તિમાન્નારઃ ।**
**સર્વ સિદ્ધિમવાપ્નોતિ રાજ્યં પ્રાપ્નોતિ સર્વદા ।।૯।।**

જે વ્યક્તિ ભક્તિભાવપૂર્વક આ મહાલક્ષ્મી અષ્ટક સ્તોત્રનો સદા પાઠ કરશે તે સર્વ સિદ્ધિઓ અને રાજવૈભવને પ્રાપ્ત કરી શકશે.

**એકકાલે પઠેન્નિત્યં મહાપાપવિનાશનમ્ ।**
**દ્વિકાલં યઃ પઠેન્નિત્યં ધનધાન્યસમન્વિતઃ ।।૧૦।।**

જે દિવસમાં ત્રણ વાર આ સ્તોત્રનો પાઠ કરે છે તેના મહાન શત્રુઓનો પણ નાશ થાય છે અને તેના પર કલ્યાણકારી વરદાયિની મહાલક્ષ્મીજી હંમેશા પ્રસન્ન રહે છે.

**ઈતિ ઈન્દ્રકૃતં મહાલક્ષ્મ્યષ્ટકં સંપૂર્ણમ ।।**

### પ્રાર્થના

પ્રભુ પદે અમે પાય લાગીએ,
દુરીત કૃત્યની માફી માંગીએ.
શુભ ગુણો સદા નાથ આપશો,
મન મલીનતા કાપી નાખશો.
સુણી તમે પ્રભુ નમ્ર વિનંતી,
શરણ રાખસો હે દયાનિધિ.
પ્રભુ મનોરથો માગીએ અમો.
ઘટીત જે હશે પુરશો તમો.
નવ વિસારશો દાસને કદિ,
સુનીતી સન્મતી આપશો સદા.

## આશીર્વાદ

જે લક્ષ્મી કમળમાં, કદંબ વૃક્ષની ટોચ ઉપર, કલ્પવૃક્ષમાં, હાથીમાં, ધોળા ઘોડામાં, રથમાં, સફેદ આખલામાં, રાણીમાં, યજ્ઞધ્વજના સ્તંભમાં, શંખમાં, દેવોના કુળમાં, રાજાના ભવનમાં, ગંગાને કાંઠે અને ગોકુળમાં છે, તે લક્ષ્મી સદા તમારે ઘેર મેરુ પર્વતની જેમ નિશ્ચલ રહો.

## ધન્ય ગૃહસ્થાશ્રમ

જે ઘરમાં આનંદ હોય, પુત્રો બુદ્ધિશાળી હોય, પત્ની મૃદુભાષી હોય, પોતાની ઈચ્છા પૂર્ણ કરે એટલું ધન હોય, પોતાની પત્નીમાં જ પ્રીતિ હોય, નોકરો આજ્ઞાંકિત હોય, અતિથિસત્કાર થતો હોય, પ્રતિદિન સેવાપૂજા થતી હોય, મીઠું ભોજન હોય, રસાપાન થતું હોય, સજ્જનોનો વારંવાર સંગ થતો હોય તે ગૃહસંસારને ધન્ય છે.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

**- મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

❖ શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૩ જી બેઠક તા. ૧૯-૯-૨૦૧૬ના રોજ સાંજે ૬.૪૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ મળી હતી.

❖ તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

❖ સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશ શાહએ ગત મિટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

❖ શ્રી સુરેન્દ્ર પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) તથા શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) આંતરીક રમત ગમતના સંયોજક શ્રી અજીત મોદીએ જણાવ્યું હતું કે મુંબઈ ખાતે ટુરનામેન્ટ કેરમની તા. ૧૮-૯-૨૦૧૬ના રોજ તથા ચેસ ની રમત તા. ૨૫-૯-૨૦૧૬ના રોજ યોજાશે. ઉપનગર ખાતે તારીખ આવતી મિટીંગ મા આપવામાં આવશે.

❖ શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી (ચેપ) આયોજીત BNS જનસાથી ટ્રોફીના સંયોજક શ્રી ચીરાગ પરીખએ વિગતવાર અહેવાલ આપ્યો હતો અને વિવિધ તારીખોની જાહેરાત કરી હતી.

❖ શ્રી દીલીપભાઈ મુલજીભાઈ ધારીઆ (લાલખા) તથા શ્રી પુનમચંદ સાંકરલાલ કડકીઆ (બેરા) આયોજીત BNS લાલખા બેરા T 20 તા. ૮-૧-૨૦૧૭ના રોજ વિલસન જીમખાના ખાતે યોજાશે.

❖ શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક અનઉપસ્થિત હોવાથી મંત્રી શ્રી ભાવેશ મોદીએ જણાવ્યું હતું દાડીયા રાસ તા. ૧૬-૧૦-૨૦૧૬ના રોજ રવિવારે કેવલ બાગ (કાંદિવલી- વેસ્ટ) ખાતે રમવામાં આવશે.

❖ શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક તથા સહમંત્રી શ્રી નીલેશ શાહ એ એમનો વિસ્તરીત અહેવાલ આપ્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

❖ શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવ ના સંયોજક શ્રીમતી અમી ધારીઆએ જણાવ્યું હતું. તા. ૧૩-૧૧-૨૦૧૬ના રોજ બીરલા માતુશ્રી સભાગૃહ મરીન લાઈન્સ ખાતે આપણા જ્ઞાતીજનો મળીને વિવિધ પ્રોગ્રામ આપશે તેની વિસતરીત જાણકારી આપવામાં આવી હતી અને ઓડીશન તથા ગ્રાન્ડ રિહરસલની વિવિધ તારીખો આપી હતી.

❖ ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) તથા પરિવાર પુરસ્કૃત દિવાળી પર્વ આર્થિક રાહત યોજનાના સંયોજક શ્રી સુનીલ મોદીએ જણાવ્યું હતું તા. ૧૭-૧૦-૨૦૧૬ થી ૨૨-૧૦-૨૦૧૬ના રોજ સુધી પ્રગતી સમાજની ઓફીસ ખાતે રાહત આપવામાં આવશે તથા બાલાસિનોર ખાતે શ્રી મણીકાન્ત કડકીઆની ઓફીસ ખાતે મળશે બહારગામ રહેનાર ને કુરીઅર, મનીઓર્ડર દ્વારા મળશે.

❖ શ્રીમતી શાંતાબેન કાન્તીલાલ દોશી મહિલા વિભાગના સંયોજક શ્રીમતી અમી ધારીઆએ રાસ ગરબા તથા સ્નેહ સંમેલનની તારીખો જણાવી હતી.

❖ કુલ ૧૧ લીવની અરજીઓ આવી હતી તે પસાર કરવામાં આવી ગતી.

❖ કુલ ૨ લાઈફ મેમ્બરશીપની અરજીઓ તે પસાર કરવામા આવી હતી તેમના નામ નીચે મુજબ છે. (૧) શ્રી નીતેશ આર. શાહ (૨) શ્રી આકાશ બીપીનચંદ્ર કાછીયા.

પ્રમુખશ્રીએ શ્રીજી મેડિકલેમ યોજનામાં ભંડોળ વધારવા મેમ્બરોને વિનંતિ કરી હતી અને આ સમાજસેવાના કાર્યમાં વધુ લોકો જોડાય તેવો સંદેશો ફેલાવવા સમજાવ્યા હતા.

**પ્રમુખશ્રીનો આભાર માની સભા બરખાસ્ત કરી હતી.**

# સંવત ૨૦૭૨ના નવા વર્ષના શુકનવંતા ચોપડાઓ નોંધાવવાના તથા લઈ જવાનાં તથા લક્ષ્મી પૂજન તથા શારદાપૂજનનાં શુભ મુહૂર્તો

- ગોર શ્રી ગોપાલ ભટ્ટ

**પુષ્પ નક્ષત્ર : સંવત ૨૦૭૨ આસો વદ ૮ રવિવાર તા. ૨૩-૧૦-૨૦૧૬**

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫

**ગુળિક સમય :** બપોરે ૩.૦૦ થી ૪.૩૦

**ચોઘડિયા :** સવારે ચલ : ૮.૦૪ થી ૯.૩૦, લાભઃ ૯.૩૦ થી ૧૨.૫૭, અમૃતઃ ૧૦.૫૭ થી ૧૨.૨૩, શુભઃ ૧૩.૫૦ થી ૧૫.૫૭, શુભઃ સાંજે ૬.૧૦ થી ૭.૪૩, અમૃત : ૭.૪૩ થી ૯.૧૭, ચલઃ ૯.૧૭ થી ૧૦.૫૦

**ધનતેરસ : સંવત ૨૦૭૨ આસો વદ ૧૩, શુક્રવાર તા. ૨૮-૧૦-૨૦૧૬**

શ્રીયંત્ર પૂજન, ધન્વંતરી પૂજન, ચોપડા લાવવા ગાદી બિછાવવી, લક્ષ્મીપૂજન કરવું.

**ગુળિક સમય :** સવારે ૭.૩૦ થી ૯.૦૦ **વિજય મુહૂર્તઃ** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫

**ગોરજ સમય :** સાંજે ૫.૪૫ થી ૬.૧૫,

**ચોઘડીયા :** ચલ, લાભ, અમૃતઃ ૬.૩૮ થી ૧૦.૫૭, **શુભઃ** બપોરે ૧૨.૨૩ થી ૧.૪૯,
ચલઃ બપોરે ૪.૪૧ થી ૬.૦૭, રાત્રેઃ લાભઃ ૯.૧૫ થી ૧૦.૪૯.

**દિપાવલી : સંવત ૨૦૭૨ આસોવદ ૩૦ રવિવાર તા. ૩૦-૧૦-૨૦૧૬**

દિપ-પ્રાગટય ઉત્સવ, મહાલક્ષ્મી પૂજન, કુબેર પૂજન, શારદા પૂજન, ચોપડા પૂજન.

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫ **ગુળિક સમયઃ** બપોરે ૩.૦૦ થી ૪.૩૦

**પ્રદોષ કાળ :** સાંજે ૬.૦૨ થી ૮.૩૪, **ગોરજ સમયઃ** સાંજે ૫.૫૦ થી ૬.૧૧

**ચોઘડીયા :** ચલ, લાભ, અમૃતઃ સવારે ૮.૦૫ થી ૧૨.૨૩, શુભઃ બપોરે ૦૧.૪૯ થી ૦૩.૧૪,
શુભ, અમૃત, ચલઃ સાંજે ૬.૦૦ થી ૧૦.૫૦ નક્ષત્ર મુહૂર્તઃ કુંભ લગ્ન,
કુંભ નવમાંશઃ બપોરે ૨.૫૦ થી ૩.૦૧, વૃષભલગ્ન, કુંભ નવમાંશઃ સાંજે ૭.૧૪ થી ૭.૨૬

**વૃષભલગ્ન, વૃષભ નવમાંશ :** સાંજે ૭.૫૨ થી ૮.૦૬

**વૃષભ લગ્ન સિંહ નવમાંશઃ** રાત્રે ૮.૩૩ થી ૮.૪૭

**બેસતું નવું વર્ષ : સંવત ૨૦૭૩ કારતક સુદ ૧ સોમવાર તા. ૩૧-૧૦-૨૦૧૬**

સ્નેહ મિલન, ચોપડામાં મિતિ નાખવી, વડીલો, ગુરુના આશિર્વાદ લેવા.

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૦ થી ૧૨.૩૪

**ગુળિક સમય :** બપોરે ૧.૩૦ થી ૩.૦૦

**ગોરજ સમય :** સાંજે ૫.૫૦ થી ૬.૧૧

**ચોઘડીયા :** અમૃતઃ સવારે ૬.૪૦ થી ૮.૦૬, શુભઃ ૯.૩૧ થી ૧૦.૫૭, ચલ, લાભ, અમૃતઃ બપોરે ૧.૪૮ થી ૬.૦૫

**લાભ પાંચમ : સંવત ૨૦૭૩ કારતક સુદ - ૫, શનિવાર તા. ૫-૧૧-૨૦૧૬**

તુલાપૂજન, કાંટા પૂજન, ચોપડા પૂજન, મિતિ નાખવી, ગુરુ, વડીલોના આશિર્વાદ લેવા

**ગુળિક સમય :** સવારે ૬.૦૦ થી ૭.૩૦,

**વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૦ થી ૧૨.૩૪

**ચોઘડિયા :** શુભઃ સવારે ૮.૦૭ થી ૯.૩૩, ચલ, લાભ, અમૃતઃ બપોરે ૧૨.૨૩ થી ૪.૩૮

**ગોરજ સમય :** સાંજે ૫.૪૫ થી ૬.૧૫

---

## શ્રી સુરેન્દ્ર રતિલાલ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કર્પોરેશન) અને શ્રી દક્ષેસભાઈ, શ્રી મિનિષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ)

# આંતરીક રમત ગમત - ૨૦૧૬-૧૭

## ઉપનગર વિભાગ (વાંદરા થી વિરાર)

આ વર્ષે ઉપનગર વિભાગમાં તા. ૨૦-૧૧-૧૬ના દિવસે સવારે ૯.૦૦ કલાકે આંતરિક રમત ગમતનું આયોજન શ્રી શ્રેયાંશભાઈ અને શ્રી અપૂર્વભાઈના નિવાસ સ્થાને રાખવામાં આવ્યો છે. જેઓને નીચે જણાવેલ સ્પર્ધામાં ભાગ લેવો હોય તેઓ શ્રી અજીત નટવરલાલ મોદી - ૯૮૬૯૦૨૯૪૮૬ અથવા પરાના કમિટિ મેમ્બરને નામ અને ફોન નંબર લખાવવા વિનંતી. એન્ટ્રી માટે રૂા. ૫૦/- ભરવાના રહેશે.

**સ્પર્ધાના નામો**

**૧) કેરમ સીંગલ્સ અને ડબલ્સ　૨) કેરમ સીંગલ્સ**

**૩) કેરમ સુપર હિટ મુકાબલા　૪) ચેસ.**

બહેનોને ખાસ વિનંતી તેઓ સ્પર્ધામાં ભાગ લે. કન્વીનરને ગેમ રદ કરવી અથવા રુલ્સ બદલવાનો અધિકાર રહેશે. નિવાસસ્થાન સરનામું : શ્રી કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી): બાલાસિનોર કો.ઓ.હા.સો., બંગલો નંબર ૨૭, એસ.વી.રોડ, ફાયર બ્રીગેડની સામે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ- ૬૭, ફોનઃ ૨૮૬૧૪૧૩૩, ૯૮૨૧૦૯૮૯૦૧

**મંત્રીઃ ભાવેશ મોદી**　　**સંયોજકઃ અજીત મોદી - ૯૮૬૯૦૨૯૪૮૬**

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

૧) **Nisha Divyesh Shah**
Roshni Bldg, Flat No. 4
27-A, Motibai Street,
Tardeo,
Mumbai - 400007
Mobile : 9833064663

**નોંધ: જ્યોતિપુંજના પોસ્ટિંગમાં તકલીફ થતી હોવાને લીધે ૩૬ પાના સુધી મર્યાદા સીમીત રાખી છે. સર્વ સંસ્થા તથા સમાજના લોકોને વિનંતી તમામ વિગતો મુદ્દાસર, ટૂંકમાં લખી મોકલવી.**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| મહર્ષિ પંકજકુમાર દવે | ૭૯ |
| રાગીની જતીન પરીખ (પડાલવાલા) | ૬૫ |
| શોભનાબેન પ્રવિણચંદ્ર મોદી | ૬૯ |
| અશોક શાંતીલાલ મોદી (ગોધરાવાલા) | ૬૮ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

## તેજસ્વી તારલા

જશ નિમેષ ધારીઆ ઉ.વર્ષ ૧૫, શ્રી અશોક કાંતિલાલ જાલીવાલાનો પૌત્ર એ પ્રથમ નાની ઉંમરે લેખક બન્યો છે. તેમની પહેલી પુસ્તકનો ઉદ્‌ઘાટન ક્રોસવર્ડ, સ્ટોર મા તા. ૨૭-૯-૨૦૧૬ના રોજ થયુ હતુ બુકનુ શીર્ષક Enternity of Bloodshed સંસ્થા વતી તેમને અભિનંદન.

WPP License No. MR/TECH/WPP-147/South/2016
Regd.No.MCS / 050 / 2015 - 17
Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001 on 20th & 21st of every monthith



ANUKOOL selections

A UNIQUE

Children Department Stores

*Hosiery, Stationery, Water Bottles, Lunch Boxes, Shoes*

SCHOOL UNIFORM A SPECIALITY

Also Scout Guide & R.S.P. Dresses & Kits

542, Sandhurst Bridge, Chowpatty, Mumbai - 400 007.

**Off. : 2361 2848 - 2369 4166**

**Email : anukoolselections@gmail.com**

**Resi. : Navin Parekh - Rasesh Parekh**
**2362 0780 - 2362 2497**

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu Pvt.Ltd. 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.